**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં સર્જાયા ટ્રાફિકજામના દૃશ્યો

## લગ્નસીઝન અને અન્ય કારણોસર સરગાસણ ચોકડી, ઘ-રોડ અને ચ-રોડ પર વાહનોની ભારે અવરજવર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં શનિવાર અને રવિવારે ભારે ટ્રાફિક રહ્યો હતો. લગ્નની સીઝન અને અન્ય બીજા કેટલાક કારણોસર શહેરના માર્ગો પર વાહનોની ભારે અવરજવર રહી હતી.

છેલ્લા કેટલાય સમયથી લગ્નગાળો ચાલી રહ્યો છે. ડિસેમ્બરના અંતિમ દિવસોમાં મૂર્હુત ન હોવા છતાં લગ્નો યોજાઈ રહ્યા છે. ખાસ કરીને એનઆરઆઈ પરિવારોના લગ્નની સિઝન જાણે પુરબહારમાં ખીલી છે. લગ્નની સીઝનમાં લગ્ન સમારંભો અને રીસેપ્શન મોટી સંખ્યામાં યોજાઈ રહ્યા છે. ગાંધીનગરની આસપાસના મોટા પાર્ટી પ્લોટમાં સાંજના સમયે રીસેપ્શનનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાથી શહેરના માર્ગો પર શનિવારે અને રવિવારે ટ્રાફિક જામની સ્થિતિ રહી હતી. આ ઉપરાંત શહેરના હેલીપેડ ગ્રાઉન્ડ પર ખાદ્ય ખોરાક પ્રદર્શન ચાલી રહ્યું છે. આ પ્રદર્શનમાં ભાગ લેવા અન્ય રાજયોના અને શહેરોના વેપારીઓ અને મુલાકાતીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. જેના કારણે ચ-રોડ અને ઘ-રોડ છેલ્લા ચાર દિવસથી જાણે ધમધમી રહ્યો છે. ખાસ કરીને પ્રદર્શન પૂર્ણ થયા તે સમયે સાંજે ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાય છે.

શહેરમાં વધેલા ટ્રાફિકનું એક કારણ ઉંઝામાં યોજાઈ રહેલ લક્ષચંડી મહાયજ્ઞ પણ છે. આ કાર્યક્રમમાં હાજરી આપવા ઘણા ભાવિકો ગાંધીનગરથી ઉંઝાનો ટૂંકો રસ્તો પસંદ કરવા હોવાથી અહીંના માર્ગો પર ખૂબ ભીડ જોવા મળી રહી છે. વળી શનિવાર-રવિવાર દરમિયાન શહેરના બે અગ્રણીઓના અવસાનના પગલે અંતિમયાત્રા અને પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના જાણીતા સાહિત્યકાર ભરત કવિનું અવસાન થતાં તેઓની પ્રાર્થનાસભા -બેસણું રવિવારે સવારે યોજાયું હતું. જયારે નગરના જાણીતા વેપારી સુખડીયા પરિવારના મોભી કિર્તીભાઈ સુખડીયા અને ચેતનભાઈ સુખડીયાનું પણ માર્ગ અકસ્માતમાં મૃત્યુ નિપજયું હતું. તેઓની અંતિમયાત્રા પણ રવિવારે યોજાઈ હતી. આ બંને વેપારી અગ્રણીઓની અંતિમ યાત્રામાં અને ભરતકવિના બેસણામાં બહારગામથી પણ અનેક વેપારીઓ અને સાહિત્યકારો આવ્યા હોવાથી નગરના માર્ગો પર ગાડીઓની અવરજવર ખૂબ રહી હતી. શનિવારે સાંજે અને રવિવારે ખાદ્યખોરાક પ્રદર્શનના અંતે શહેરના લગભગ દરેક માર્ગો પર વાહનોની ભારે ભીડ જોવા મળી હતી. ઘ-૨, ઘ-૩, ચ-૩, ચ-૨, ઈન્દ્રોડા સર્કલ અને સરગાસણ ચોકડી પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.




## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**દબંગ-૩**
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫
**મર્દાની-૨**
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૪૦, ૭.૩૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦
**પતિ પત્નિ ઔર વો**
૧૨.૨૫, ૧૦.૩૦
**મર્દાની - ૨**
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**
**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦
**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫
**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી)
૨.૦૦, ૭.૧૫
**મર્દાની-૨**
૪.૪૫
**પતિ પત્નિ ઔર વો**
૫.૩૦

**રક્તદાન મહાદાન**

## સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ ગાંધીનગર દ્વારા લાકરોડામાં સ્વેટર વિતરણ

ગાંધીનગર, તા.૨૨

સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ ગાંધીનગરના સ્થાપક પ્રમુખ સ્વ. ગિજીભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે તેઓના વતન લાકરોડા તા. માણસાના લોકક્ષેત્ર શિક્ષણ સંકુલમાં નિવાસી છાત્રાલયોના ગુજરાતના દૂર દૂરના ગામોથી અભ્યાસ કરતા ગરીબ દલિત બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.

ધો-૧ થી૮ના પ્રાથમિક શિક્ષણ લેતાં ૧૫૦ જેટલાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સિ.સિ.કાના હોદેદારોની હાજરીમાં ગ્રામભારતી સંસ્થાના નિયામક અમૃતભાઈ પટેલ તથા લાકરોડા સંસ્થાના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.




ગાંધીનગરની લાયન્સ કલબ તથા ઓગણજ ખાતેની આંખની હોસ્પિટલના સંયુકત ઉપક્રમે આજે રવિવારે તાલુકાના વડોદરા ગામે હાઈસ્કૂલ ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૩૯૦ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૨૮૯ જેટલા લાભાર્થીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા ૬૫ જેટલા દર્દીઓને મોતિયા બિંદુનું નિદાન થતાં ઓગણજ આંખની હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ ગાંધીનગરના પ્રમુખ રાજેશ ગૌડા, પૂર્વ લાયન્સ ગર્વનર યોગેન્દ્રભાઈ પટેલ, ડાયરેકટર વિઝન કે.પી. પ્રજાપતિ, પૂર્વ પ્રમુખ હરિષભાઈ, એલ.કે. વાઘેલા, નટુભાઈ સોલંકી, ધવલભાઈ દવે, રઘુસિંહ ગોલ, કોકીલાબેન પ્રજાપતિ, સંજય પટેલ, ધવલ કંસારા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે કેમ્પના આયોજક વૈદેહીબેન ટાટુ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રશ્નોરા નાગર જ્ઞાતિ દ્વારા ત્રિવેણી ઉત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં આરંભ કાળથી વસતા પ્રશ્નોરા નાગર જ્ઞાતિની સંગઠક સંસ્થા સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત જ્ઞાતિના કોલેજ કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને તથા પીએચડી પદવી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા અંગ્રેજી ભાષામાં બે પુસ્તકો લખનાર ડૉ. તૃપ્તિ ક. ભટ્ટના પુસ્તકોના વિમોચન સાથે ત્રિવેણી ઉત્સવનું આયોજન સે-૧૯ જીમખાના ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કરનાર પ્રા. ડૉ. સંદિપ પી. ભટ્ટ, પ્રા. ડૉ. નિરવ એસ. જોષી, પ્રા. ડૉ. ચિન્મયી વિ. રાવલ, પ્રા. ડૉ. નેહા જોષી, પ્રા. ડૉ. સુજલ જ. પાઠક, પ્રા. ડૉ. મિલન સં. ભટ્ટ, પ્રા. ડૉ. કૃપા ધ. ભટ્ટ, પ્રા. ડૉ. ધવલ હ. પંડયા તથા પ્રા. ડૉ. તૃપ્તિ ક. ભટ્ટનું સન્માનપત્ર, શાલ તથા પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તેજસ્વી વિદ્યાર્થીઓને દેવી મનોજ શુકલ, વંદના સુનિલ ભટ્ટ, પ્રીતિ મુકેશ મહેતા, કલ્પના દિવાન પંડયા, બિન્દી કૌશલ શુકલ, રચના પાર્થ જોષી, ભાવિ દક્ષ ભટ્ટ, કલ્પના ધનંજય મહેતા, કુંજલ દિપેશ ભટ્ટ, અરવિંદ ગ. મહેતા, કૌશક વ્યાસ, ભરત ક. ભટ્ટ, ભર્ગદેવ ભટ્ટ, જયપ્રકાશ ભટ્ટ દ્વારા અભિવાદીત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં પુસ્તકનું વિમોચન ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રા. ડૉ. વિદ્યુત જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સમાજની દીકરી વણ ખેડાયેલા વિષય પર અંગ્રેજીમાં પુસ્તક લખે તેને જ્ઞાતિની ઉજળી પરંપરા ચાલુ રહી હોવાની નિશાની દર્શાવી હતી.

આ કાર્યક્રમમાં ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રા. ડૉ. વિદ્યુત જોષી, પૂર્વ નાયબ સચિવ સનત ભટ્ટ, જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સંસ્થાના મંત્રી વંદના ભટ્ટ દ્વારા તથા મહેમાનોનું સ્વાગત ઈન્દ્રવદન ભટ્ટ, પ્રીતી મહેતા અને કૌશલ શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સંસ્થાના પ્રમુખ મનોજ શુકલ દ્વારા તથા આભારવિધી સંસ્થાના સહમંત્રી કલ્પના દિવાન પંડયા દ્વારા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. કિર્તિકુમાર વિઠ્ઠલદાસ સુખડીયા, ઉ.વ. ૬૪
- સ્વ. ચેતનકુમાર ચંદ્રકાન્ત સુખડીયા, ઉ.વ. ૪૬
- સ્વ. ઠાકોર સુરેશકુમાર કાળાજી, ઉ.વ. ૩૫
- સ્વ. ભારતીબેન દેવશંકર શર્મા, ઉ.વ. ૭૧
- સ્વ. નિર્મળાબેન મગનભાઈ પટેલ, ઉ.વ. ૮૫
- સ્વ. ઠાકોર પોપટજી રામાજી, ઉ.વ. ૪૫
- સ્વ. રાણા મનુસિંહ રેવાસિંહ, ઉ.વ. ૯૦

## મધુર ડેરી દ્વારા ૨૬મી એ રેલી યોજાશે

મધુર ડેરી દ્વારા તા.૨૩ ડિસેમ્બરને સોમવારના રોજ રેલીનું આયોજ કરવામાં આવ્યું હતું. આ રેલીના કાર્યક્રમમાં ગુજરાતની સહકારી સંસ્થાઓનો સહયોગ મળ્યો છે. જેને પગલે મધુર ડેરી દ્વારા રેલી હવે આગામી તા.૨૬ ડિસેમ્બરના રોજ યોજાશે. રેલીનો રૂટ અને કાર્યક્રમ યથાવત રહેશે. સી.એ.એ. અને એન.આર.સી.ના સમર્થનની આ રેલીમાં હવે ગુજરાતની અનેક સહકારી સંસ્થાઓ જોડાશે. તેમ ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણાએ જણાવ્યું છે.





## જીવન આસ્થા હેલ્પલાઈન દ્વારા જીલ્લાની શાળાઓમાં વિશેષ સેમીનારનું આયોજન

શહેરની વિવિધ શાળાઓમાં ધો-૧૦ અને ધો-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આગામી માર્ચ-૨૦૨૦માં બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે. વિદ્યાર્થીઓમાં કોઈપણ પ્રકારની પરીક્ષાને લીધે માનસિક તાણ તેમજ દબાણ અનુભવે નહી તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા જીલ્લાની શાળાઓમાં વિશેષ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ શાળાઓને કાઉન્સેલીંગ સેમીનારનું આયોજન કરવા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.હેલ્પ લાઈન ના લાયઝન અધિકારી પ્રવિણ વલેરા તેમજ સીનીયર કાઉન્સીલર ડો.સુપ્રિયા સીયોની દ્વારા પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય તેમજ ચૌધરી સ્કુલ બાપુપુરા માણસા ખાતે સેમીનાર યોજવામાં આવ્યા છે.

# ‘સ્માર્ટ’ પાટનગરમાં એકત્ર થતાં કચરાના યોગ્ય નિકાલની સમસ્યા કયારે ઉકેલાશે??

## વિકાસના મોડેલ સ્ટેટના પાટનગરમાં જ કચરાના નિકાલ માટે લેન્ડફીલ સાઈટની સમસ્યાએ વરવું સ્વરૂપ ધારણ કર્યુ છે : મુકિતધામ સ્મશાને સ્વજનોની અંતિમક્રિયાએ જતા ડાઘુઓએ ‘રામનું નામ’ પણ નાક દબાવીને લેવું પડે તેવું દુર્ગંધનું સામ્રાજય

ગાંધીનગર, તા.૨૨

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતિ વર્ષને સમગ્ર રાષ્ટ્ર ઉજવી રહ્યું છે અને આ પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂ. બાપુના મહત્વના સંદેશ પૈકીના ‘સ્વચ્છતા’ના સંદેશને આ ઉજવણીની થીમ બનાવી દેશભરમાં ‘સ્વચ્છ ભારત અભિયાન’ના નામથી એક આવકારદાયક પ્રયાસ હાથ ધર્યો છે જેના થકી તેમની નેમ ભારતીય નાગરિકોમાં સ્વચ્છતા જાળવણી બાબતે સેવાતી ઉપેક્ષાભરી આદતોને બકલી વિશ્વમાં આ ક્ષેત્રે પણ પશ્ચિમના વિકસિત દેશોની હરોળમાં ભારતને સ્વમાનભેર ખડું કરવાની છે. વડાપ્રધાનના આ પ્રયાસને ભારતીય નાગરિકો દ્વારા તો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે અને નાગરિકો હવે જાગૃત થઈ રહ્યા છે પરંતુ આ સાથે સફાઈ કાર્ય તથા કચરાના યોગ્ય નિકાલ માટે જેની પ્રાથમિક જવાબદારી બને છે તેવું સરકારી કે સ્થાનિક વહીવટી તંત્ર પણ સુધરી રહ્યું છે કે કેમ તે બાબત થોડી શંકાસ્પદ જણાય છે. વડાપ્રધાન જેને વિકાસના મોડલ તરીકે રજૂ કરે છે તેવા તેમના હોમ સ્ટેટ ગુજરાતના જ પાટનગરની વાત કરીએ તો ‘દિવા તળે અંધારું’ કહેવત યથા યોગ્ય સાબિત થાય તેવી સ્થિતિ અહીં જોવા મળી રહી છે. અરે જાહેર સ્થળોની તો વાત જ જવા દો પરંતુ આ વિકાસશીલ ગુજરાતના પાટનગર સ્માર્ટ ગાંધીનગર પાસે વર્ષોથી કચરાના નિકાલ માટે યોગ્ય




લેન્ડફીલ સાઈટ જ ઉપલબ્ધ નથી જેને કારણે સ્થાનિક તંત્ર એ ઉભી કરી દીધેલી હંગામી ડમ્પીંગ સાઈટ સાબરમતી જેવી પવિત્ર નદીને તો અભડાવી રહી જ છે પરંતુ સાથે સાથે તેની આસપાસના સમગ્ર વિસ્તારને દુર્ગંધના સામ્રાજયમાં લપેટી પાટનગર વાસીઓને તોબા પોકારાવી રહી છે.

છેલ્લાં સાતેક વર્ષથી ગાંધીનગરના સ્મશાન મુકિતધામની પાછળ ગાંધીનગર મહાનગરપાલિકાએ સાબરમતી નદીના કોતરમાં એક હંગામી લેન્ડફીલ સાઈટ ઉભી કરી દીધી છે. બે ભેખડોની વચ્ચે ઉભી કરી દેવાયેલી આ લેન્ડફીલ સાઈટમાં દરરોજનો આશરે ૭૦ ટન કચરો મનપાના સફાઈ તંત્ર દ્વારા ઠાલવવામાં આવી રહ્યો છે. એક તરફ ગાંધીનગરનો સમાવેશ સ્માર્ટસિટીમાં કરવામાં આવ્યો છે અને ‘સ્માર્ટ’ દેખાવા માટે ગાંધીનગરના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને ભીનો-સૂકો કચરો અલગ અલગ એકત્ર કરવા લીલા અને વાદળી રંગની બે ડસ્ટબીનો પણ સફાઈ વેરાના બદલામાં પકડાવી દીધી છે. શરૂઆતમાં નાગરિકો આ બંને ડસ્ટબીનોનો નિયમ મુજબ ઉપયોગ કરી સુકો અને ભીનો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં એકઠો કરતા હતા અને સફાઈ તંત્ર દ્વારા ઘરે ઘરથી કચરો ઉઘરાવવાની જે સેવા પુરી પાડવામાં આવે છે તે વ્યવસ્થાના કર્મચારીઓને બંને પ્રકારનો કચરો અલગ અલગ આપતા હતા. જો કે થોડાક જ સમયમાં નાગરિકોને સમજાઈ ગયું કે ખુદ સફાઈ તંત્ર પાસે ભીનો-સુકો કચરો અલગ અલગ એકત્ર કરી તેની અલગ અલગ પ્રોસેસ કરીને નિકાલ કરવાની કોઈ વ્યવસ્થા નથી અને સફાઈ કર્મચારીઓ છેવટે બંને પ્રકારનો કચરો એક જ વાહનમાં એકઠો કરીને એક સાથે ડમ્પીંગ સાઈટ પર ઠાલવે છે. પછી નાગરિકોએ બે ડસ્ટબીનના બદલે એકનો જ ઉપયોગ કરવાનું શરુ કરી દીધું. આ સ્થિતિ શહેરના ગુડા વિસ્તારમાં પણ સરખી રીતે બનવા પામી છે. સફાઈ તંત્ર પાસે બંને પ્રકારના કચરાને અલગ અલગ પ્રોસેસ કરવાની કોઈ પધ્ધતિ, સાધનો, ટેકનિક કે ઈવન જગ્યા પણ નથી.

મુકિતધામ અગાઉ વર્ષ ૨૦૧૧-૧૨ સુધી ગાંધીનગર મહાનગરપાલિકા પાસે કોલવડા રોડ પર જીઆઈડીસી નજીક લેન્ડફીલ સાઈટ હતી પરંતુ તે ‘ઉભરાઈ’ જતા સ્થાનિકોના વિરોધનો રોષ ભોગવવો પડયો એટલે કોર્પોરેશન દ્વારા નવી સાઈટની શોધખોળ કરવામાં આવી જે અંતર્ગત પહેલા પીંપળજ અને પછી પેથાપુર નજીક સાઈટ નક્કી કરવામાં આવી હતી. જો કે આ બંને સાઈટ બાબતે પણ સ્થાનિક વિરોધને પગલે કોર્પોરેશને પાછી પાની કરવી પડી અને હંગામી ધોરણે સ્મશાન પાછળ સાબરમતી નદીના કોતરોનો ઉપયોગ શરુ કરવામાં આવ્યો હતો. નવી યોગ્ય લેન્ડફીલ સાઈટ માટે રાજય સરકાર દ્વારા રૂ. ૧૦ કરોડનું ફંડ પણ ફાળવવામાં આવ્યું છે જે છેલ્લા સાતેક વર્ષથી જેમનું તેમ પડયું છે અને હવે હંગામી લેન્ડફીલ સાઈટ પણ ‘ઉભરાઈ’ અને તેની દુર્ગંધથી આસપાસના વિસ્તારને પ્રદૂષિત કરી રહી છે. આ કચરામાંથી ઉદભવતા ઝેરી ગેસ તો નજીકની વસાહતોના નાગરિકોના સ્વાસ્થ્ય માટે ખતરો બન્યા જ છે પરંતુ મુકિતધામ સ્મશાનો પોતાના સ્વજનોની અંતિમક્રિયા માટે આવતા ડાઘુઓ માટે ત્રાસજનક પરિસ્થિતિ પેદા કરી રહ્યા છે.





ગાંધીનગરના સ્મશાન મુકિતધામ ખાતે હાલ દિવસની ૬ થી ૭ અંતિમક્રિયા થઈ રહી છે. છેલ્લાં ત્રણ માસના આંકડા જોઈએ તો ઓકટોબર માસમાં ૧૮૧, નવેમ્બર માસમાં ૧૫૮ અને ડિસેમ્બર માસમાં તા. ૨૨મી સુધીમાં ૧૨૦ અંતિમક્રિયાઓ સાથે કુલ ૪૫૯ જેટલી અંતિમક્રિયાઓ છેલ્લા માત્ર પોણા ત્રણ માસમાં મુકિતધામ સ્મશાન ખાતે થવા પામી છે. આ સ્થિતિમાં ડમ્પીંગ સાઈટની દુર્ગંધનું સામ્રાજય ગાંધીનગરમાં ‘મરતાં ને સુખેથી મરવા ના દે અને જીવતાને સુખેથી જીવવા ના દે’ તે રીતે વિસ્તારી રહ્યું છે તેને આ ‘વિકાસશીલ રાજયના સ્માર્ટ પાટનગર’ના સત્તાધીશો કયારે પક્ષાપક્ષીથી પર આવીને જનહિતાર્થે સમસ્યાને ઉકેલવાની દિશામાં પગલાં ભરશે તે તો રામ જાણે.... અત્યારે તો આપણા નાક દબાવી બોલો રામ બોલો ભાઈ રામ...!!!

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com